# સેવાની સુવાસ સાથે શહેરમાં સેવાકેન્દ્રોનું સમાપન

## સવારના ચા-નાસ્તાથી માંડીને પાકા જમણ અને ગરમાગરમ મીઠાઈ તથા ચોખ્ખા ઘીનો મહાપ્રસાદ ખવડાવાયો : પદયાત્રીઓનો પ્રવાહ શમતા સેવા કેન્દ્રોના સમાપન કરાયા : સેવાકેન્દ્રોએ પદયાત્રિકોને રાત્રિ રોકાણ સાથે ન્હાવા-ધોવાની પણ સુવિધા પુરી પાડી

ગાંધીનગરના આંગણે પુનિત પગલાં પાડી પસાર થઈ રહેલા અંબાજીના પદયાત્રીઓને પોંખવામાં શહેરના સેવાભાવીઓએ કોઈ કસર છોડી નહોતી. શહેરની સેવાભાવનાની સુવાસ સાથે હવે પદયાત્રીઓનો પ્રવાહ મંદ પડી જતાં અંતે સેવા કેમ્પોનું સમાપન કરાયું છે. છેલ્લા સપ્તાહથી શહેરમાંથી પસાર થયેલા તમામ પદયાત્રીઓની સેવામાં સમગ્ર ગાંધીનગરના સેવાભાવિકો વ્યસ્ત બન્યાં હતા અને સવારના ચા-નાસ્તાથી માંડીને પાકુ જમણ, રહેવા-જમવા, ન્હાવા-ધોવા ઉપરાંત મેડીકલ સહિતની સેવાઓ ગાંધીનગરે હોંશે હોંશે પુરી પાડતા પદયાત્રીઓ પણ ભાવ વિભોર બન્યા હતા.

ભાદરવી પૂનમે અંબાજી ખાતે ભરાતા વિશ્વના સૌથી મોટા પદયાત્રી મેળામાં શ્રદ્ધાના જોરે સેંકડો કિલોમીટરનો પગપાળા પ્રવાસ કરી પહોંચવા માંગતા પદયાત્રીઓને શહેરમાં છેલ્લા ૨૦થી વધુ વર્ષોથી આવશ્યક સેવાઓ પુરી પાડવામાં આવે છે. શહેરની વિવિધ સંસ્થાઓ, વસાહતો, ધાર્મિક તથા વ્યવસાયિક એકમો તથા રાજકીય જુથો દ્વારા સેવાકેન્દ્રોની વ્યવસ્થા કરવામાં આવે છે. ગાંધીનગરના પ્રવેશદ્વારેથી માંડીને અંબાજી તરફ જવાના માર્ગો પર ઠેર ઠેર સેવાકેન્દ્રો ઉભા કરાયાં હતા. આ સેવા કેન્દ્રોમાં ચા-કોફી-ગરમાગરમ નાસ્તો, ફળફળાદિ, પાકુ ભોજન, આરામ માટેની સુવિધા, રાત્રિ રોકાણની સુવિધા, ન્હાવા-ધોવાની વ્યવસ્થા, તદુપરાંત મેડીકલ સેવાઓ પણ પુરી પાડવામાં આવી હતી. શહેરના પ્રવેશદ્વાર સમા ચ-૦ સર્કલ અને સરગાસણ ચાર રસ્તા સેવા કેન્દ્રો ઉભા કરાયા હતા. ચ-૦ સર્કલે પંચદેવ યુવક મંડળ તરફથી કરાતો વર્ષો જુનો સેવા કેમ્પમાં ગરમાગરમ નાસ્તો અને સેવાઓ પુરી પાડવામાં આવી હતી. ચ-૩ સર્કલ પાસે ભાજપના શહેર એકમ દ્વારા તથા લાયન્સ ક્લબ દ્વારા સેવા કેન્દ્રો કરાયા હતા. આ ઉપરાંત અહીં ઈન્દ્રોડા ગામના ગ્રામજનો દ્વારા કરાયેલું સેવાકેન્દ્ર શહેરનું સૌથી જુનુ સેવાકેન્દ્ર છે. જ્યાં પદયાત્રીઓને છેલ્લા ૨૦ વર્ષથી સાંજે કઢી-ખીચડીનું જમણ તથા આખો દિવસ ગરમાગરમ નાસ્તો પીરસાય છે તથા ન્હાવા માટે ગરમ પાણીની વ્યવસ્થા કરાય છે.

ચ-રોડ પર જિલ્લા પંચાયત પાસે બાપા સીતારામ સેવા કેન્દ્ર, પંચદેવ મંદિર પાસેનું સેવાકેન્દ્ર વગેરે પણ જુના સેવા કેન્દ્રો છે. અહીં પણ પદયાત્રીઓને વિવિધ ગરમાગરમ નાસ્તા અને ભોજન સાથે આરામની વ્યવસ્થા કરવામાં આવી હતી. ઘ-૬ સર્કલે એસઆરપીના સ્પેશિયલ વીવીઆઈપી કમાન્ડો દ્વારા ઈડલી-સંભાર અને ચા ઉપરાંત બિસ્કિટ-ગાંઠીયા-પૌઆ જેવો નાસ્તો અને સાંજે ખીચડી કઢીની સેવા સાથે આરામની સુવિધા પુરી પાડવામાં આવી હતી. અહીં અનેક કમાન્ડો નોકરીમાં રજાઓ મુકી સેવાઓ આપી રહ્યાં છે. ગાંધીનગરમાં સૌથી વધુ સેવા કેન્દ્રો ક-રોડ પર યોજાયા હતા. જ્યાં ગોકુલપુરા ગ્રામજનો, જીઆઈડીસી મિત્ર પરિવાર, મધુરડેરી, ટાટા ચોકડી મિત્ર મંડળ અને માલધારી યુવક મંડળના વિસામા મુખ્ય છે. માલધારી યુવક મંડળના વિસામે આરામની સુવિધા સાથે બટાકા પૌંઆ, ગાંઠિયા, ફૂલવડીનો નાસ્તો, ચા વગેરેની ૨૪ કલાક સેવા પુરી પડાઈ હતી. આ સેવાકેન્દ્ર પણ ૧૪ વર્ષથી યોજવામાં આવે છે.

વાવોલ ખાતે પણ શાલીન-૪ એપાર્ટમેન્ટ દ્વારા યાત્રિકોને ચા-બિસ્કિટ, પીવાનું પાણી વગેરેની સેવા અપાઈ હતી. જ્યારે જય અંબે મિત્રમંડળના છેલ્લા ૧૨ વર્ષથી યોજાતા સેવા કેન્દ્ર ખાતે બુંદી-ગાંઠિયા-પાપડી-પૌંઆ-બટાકાવડા સાથે ચા-કોફીની સુવિધા કરાઈ હતી. ક-૭ સર્કલ નરોડાથી આવેલા યુવાનોએ તાજા ફળો જેવા કે સફરજન, બબુપોચા અને પાણીના પાઉચ સહિત નમકિનના પેક્ટેસ વહેંચ્યા હતા.





### શહેરના વકિલોએ મહાપ્રસાદ ખવડાવ્યો

ક-૭ સર્કલથી માણસા તરફના માર્ગે મહાકાળી માતાના મંદિરે શહેરના ધારાશાસ્ત્રીઓ દ્વારા ચોખ્ખા ઘીના ડ્રાયફ્રૂટ સાથેના મહાપ્રસાદની સેવા અવિરત પુરી પાડી રહ્યા છે. આ કેન્દ્ર ખાતે જિલ્લા પંચાયતની આરોગ્ય શાખા દ્વારા સ્વાઈન ફ્લુ સહિતની તમામ દવાઓ અને પ્રાથમિક સારવારની સુવિધા પુરી પડાઈ રહી છે.



### બાપુનગર સેવા કેન્દ્રનો ડાઈનીંગ હોલ

ક-૭થી આગળ રાંધેજા ચાર રસ્તા નજીક છેલ્લા ૧૮ વર્ષથી બાપુનગરના સેવાભાવિકો દ્વારા કરાતા સેવા કેન્દ્ર પર સવારે ગરમાગરમ ચા-નાસ્તા સાથે બપોરે ચોખ્ખા ઘીના જલેબી-મોહનથાળ સાથે શાક-કઠોળ-ફરસાણ સહિતનું પાકુ ભોજન અને સાંજે રોટલા-કઢી-ખીચડીનું જમણ પીરસાય છે. અહીં તમામ પદયાત્રીઓને ખુરશી ટેબલ પર ડાઈનીંગ હોલની જેમ બેસાડીને પીરસવામાં આવે છે. તથા ૨૪ કલાક ગરમ પાણી સાથે ન્હાવાધોવાની મહિલા-પુરૂષની અલગ વ્યવસ્થા સાથે ટોયલેટ્સની પણ સુવિધા પુરી પાડવામાં આવી હતી.

# ગાંધીનગરના સેક્ટરોની આંતરિક સ્ટ્રીટલાઈટ વસાહતીઓ માટે શિરોવેદના

ગાંધીનગર, તા. ૩૧

રાજ્યનો સમગ્ર વહીવટ જ્યાંથી થાય છે તે રાજધાની ગાંધીનગરના વસાહતીઓ માટે શિરોવેદના સમી સેક્ટરોની આંતરિક સ્ટ્રીટલાઈટો બંધ હોય છે. જ્યાં જુના જમાનાના ગામડાની રાત્રી જેવા દશ્યો સર્જાય છે. જેનું નિયમિત મરામત કે નિરીક્ષણ કરવામાં આવતુ નથી. રાત્રિ અંધારપટમાં વસાહતીઓમાં ચોરી, લૂંટફાટ, છેડતી જેવા અસામાજિક તત્વોને મોકળુ મેદાન મળે છે.

સીનીયર સીટીઝજનોને ચાલતા કે ટુવ્હીલર લઈ જતાં હોય તો અંધારપટના લીધે ખાડાઓમાં પડે છે. કે રખડતા ઢોર સાથે અથડાઈ ગયેલ છે. આગામી દિવસોમાં નવરાત્રિ દિપોત્સવી તહેવારો હોય સ્ટ્રીટલાઈટ ઝળહળે તેમ વસાહતીઓ ઝંખે છે.

ગાંધીનગર શહેરમાં તાજીયા જેવી સોલાર લાઈટો પણ બંધ છે. જે મનપાના સત્તાધીશો ચાલુ કરાવી શકે. મનપાના નગરસેવકોની મળતી ગ્રાન્ટ વિવેકાધીન સેક્ટરોમાં કોમન પ્લોટ તથા સાફસફાઈમાં થવી જોઈએ. માન્ય સરકારી જમીનમાં બાંધેલ ધાર્મિક સ્થાનોમાં જ નગરસેવકોની ગ્રાન્ટનો ઉપયોગ થવો જોઈએ. ગેરકાયદેસર જમીનોમાં થયેલા દબાણો ઉપર આ ગ્રાન્ટ વપરાવી ન જોઈએ. ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહજી બિહોલાએ રજુઆત કરેલ છે.

## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



સાહેબ... બીજુ શાક મોઘું હોય તો, દૂધી લઈ જાવ.. હજુ સુધી કોઈને દુધીનો વિકાસ કરવો જોઈએ એવું ધ્યાનમાં નથી આવ્યું એટલે જૂના ભાવે જ મળે છે...!!

# આજે વોર્ડ નં. ૧ અને ૪નો સેવાસેતુ સેક્ટર-૨૩ ખાતે યોજાશે

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં. ૧ અને ૪ માટેનો ત્રીજા તબક્કાનો સેવાસેતુ ૧લી સપ્ટેમ્બરના રોજ સે. ૨૩ ખાતેની લગ્નવાડી ખાતે યોજાશે.

નાયબ મ્યુનિ. કમિશનર જે.બી. બારૈયાએ જણાવ્યુ છે કે ૧૫થી પણ વધુ વ્યક્તીગત સેવાઓ અંગેની રજુઆતો આ સેવાસેતુમાં રજુ કરી શકાશે. આ સેવાસેતુમાં કેશલેસ લીટરેલી માટે પણ ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત વ્યવસાયવેરા માટેની અરજી પણ આપી શકાશે. તેમજ સિનીયર સિટીઝન, વિકલાંગો સહિત સૌના માટે બસના કન્સેશન પાસ પણ મળી શકશે.

સ્વચ્છ ભારત મિશન હેઠળ ટોયલેટની સહાય માટે અરજી કરી શકશે, શ્રવણતીર્થ યોજનાનું પણ આ કેમ્પમાં રજીસ્ટ્રેશન કરાવી શકાશે તેમજ પ્રધાનમંત્રી આવાસ યોજના અંગે પણ અરજદાર અરજી કરી શકશે.

ગાંધીનગર મહાનગર પાલિકાના વોર્ડ નં. ૧ અને ૪ના તમામ નાગરીકોને આ સેવાસેતુ કાર્યક્રમમાં સહભાગી થવા અપીલ છે. તેમાં કોઈ પણ પ્રકારની ફી રાખવામાં આવેલ નથી.

આ કાર્યક્રમ દરમ્યાન ડાયાબીટીસ કેમ્પ રાખવામાં આવેલ છે જેમાં નિઃશુલ્ક તપાસ કરવામાં આવશે. તેમજ આયુર્વેદિક કેમ્પનું પણ આયોજન કરેલ છે.

આધારકાર્ડ કેમ્પનું પણ આયોજન કરવામાં આવેલ છે, કાર્યક્રમ સ્થળે નાગરિકોને આધારકાર્ડની સુવિધા ઉપલબ્ધ થશે.

બેંકો દ્વારા ઈ-પેમેન્ટ, ડીઝીટલ લોકર, જનધન ખાતા ખોલવા અંગેની વિસ્તૃત જાણકારી આપવામાં આવનાર છે જેની તમામ નાગરિકો અને વેપારીવર્ગને લાભ લેવા અપીલ છે.





ગુજરાત બાળ આયોગ દ્વારા બાળકોમાં કુપોષણને લઈ યોજાયેલ વર્કશોપમાં આજે કુપોષણ મુક્તિ અભિયાનને સફળ બનાવવા માટે શપથ લેવાયા હતા. જેમાં રાજ્યના રાજ્યમંત્રી ડૉ. નિર્મલા વાઘવાણી, ગુડાના ચેરમેન આશિષ દવે, બોર્ડના અધ્યક્ષા જાગૃતિબેન પંડ્યા, બોર્ડના સભ્યો ડૉ. રાજુલ દેસાઈ, પ્રભાબેન, રાજેશ પટેલ સહિત સૌ જોડાયા હતા તેની તસવીર.

# રાહુલ સાથેના સંવાદ કાર્યક્રમમાં જિલ્લાના ૨ હજારથી વધુ કાર્યકરો જોડાશે

ગાંધીનગર, તા. ૩૧

૪થી સપ્ટેમ્બરના રોજ અમદાવાદ આવી રહેલા કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી દ્વારા કાર્યકરો સાથેનો સંવાદ કાર્યક્રમ જે રિવરફ્રન્ટ ખાતે યોજાયો છે તેમાં જિલ્લાના ૨ હજારથી વધુ કાર્યકરો હાજર રહેશે.

આજે ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ સૂર્યસિંહ ડાભીની અધ્યક્ષતામાં મળેલ બેઠકમાં આ અંગેની તૈયારીઓ અંગે જાણકારી આપી વધુને વધુ કાર્યકરો જોડાય તે માટે જિલ્લાના આગેવાનોને વિશેષ જવાબદારી સોંપવામાં આવી હતી.

આજની બેઠકમાં જિલ્લામાં વકરતા જતા સ્વાઈન ફ્લુના રોગચાળા ઉપરાંત જિલ્લા પંચાયતની સામાન્યસભા તેમજ આગામી કાર્યક્રમો અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

# ગણેશ વિસર્જન કરતાં ભાટ નદીમાં ત્રણ યુવાનો ડુબ્યા

ગાંધીનગર, તા. ૩૧

અમદાવાદ-ગાંધીનગરના અલગ અલગ વિસ્તારોમાંથી ભાટ-કરાઈ પાસેથી પસાર થતી નદીમાં આજે ગણપતી વિસર્જન માટે સંખ્યાબંધ શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા. ભાટ નદીમાં ડિ.જે.ના તાલે વિસર્જન ચાલી રહ્યુ હતુ ત્યારે એક યુવાન નદીમાં ગરકાવ થઈ ગયો હતો. વિસર્જન માટે આવેલા બીજા ગ્રુપના બે યુવાનો ડુબી રહેલા યુવાનને બચાવવા અંદર નદીમાં કુદ્યા હતા અને તે બંને પણ પાણીના વહેણમાં તણાઈને ડુબી ગયા હતા. ઓઢવ ફાયરબ્રિગેડની સ્થળ પર તૈનાત ટીમે નદીમાં શોધખોળ શરૂ કરી અને મોડી સાંજે બચાવવા જતા ડુબી ગયેલા બે યુવાનો પૈકી અમદાવાદ હીરાવાડી વિસ્તારના એક યુવાન ૩૦ વર્ષિય ભરતભાઈ સંપતરાજ સુખડીયાનો મૃતદેહ બહાર નિકાળ્યો હતો. જ્યારે અન્ય બે ડુબી ગયેલા યુવાનો વસ્ત્રાલનો ૨૩ વર્ષિય જૈમિન પંડ્યા અને બાપુનગરનો ૨૪ વર્ષિય આકાશ છગનભાઈ હીંગાડીયાની શોધખોળ જારી છે. જો કે મોડી રાત સુધી તેમના કોઈ સગડ મળ્યા ન હતા. ઈન્ફોસીટી પીઆઈ વાય.એમ. મિશ્રા તેમની ટીમ સાથે સ્થળ પર પહોંચી ગયા હતા અને મૃતદેહ કઢાવી પોસ્ટમોર્ટમ માટે મોકલી તપાસ શરૂ કરી છે.

# સે-૭/ડી માં વરસાદી દિવસોમાં પાણીની પોકાર રહીશો ત્રાહીમામ

## છેલ્લા ૧૫ દિવસથી પાણી ફોર્સથી આવતુ નથી : ઘરોમાં અન્ડર ગ્રાઉન્ડ ટાંકી પણ ભરાતી નથી : ત્વરિત પગલા લેવા માંગ

ગાંધીનગર તા ૨૯

શહેરના સે-૭ ડી માં છેલ્લા ૧૫ દિવસથી પાણી ફોર્સથી ન આવતા વરસતા વરસાદ વચ્ચે પાણીની પોકાર ઉઠવા પામી છે. છેલ્લા ઘણાં સમયથી પાણી ફોર્સથી ન આવતા સ્થાનિકોના ઘરોમાં અન્ડગ્રાઉન્ડ ટાંકી પણ ખાલી રહે છે. જેના લીધે પાણીનો પ્રશ્ન ગંભીર બન્યો છે. આ મામલે તંત્ર કક્ષાએથી પણ કોઈ પગલા લેવાતા નથી.

શહેરમાં જુના અને નવા સેક્ટરોમાં સમયાંતરે પાણીની પોકાર ઉઠતી રહે છે. થોડા સમય અગાઉ નવા સેકટર ૩ અને ૪માં પાણી ન આવતુ હોવાની બુમ ઉઠવા પામી હતી. જો કે સમયના અંતે હવે વધતી વસતી અને વિકાસના બદલાતા આયામો વચ્ચે પાણી વિતરણ વ્યવસ્થા પણ અપગ્રેડ કરવાની અનિવાર્યતા ઉભી થઈ હોવાનો સુર ઉઠવા પામ્યો છે. સેકટરોમાં કેટલાક પોકેટમાં પાણી ફાર્સથી ન આવતુ હોવાની ફરિયાદોના લીધે તંત્ર દ્વારા આ અંગે યોગ્ય સર્વે હાથ ધરવાની અનિવાર્યતા છે. સે-૭ ડી માં ચૌધરી શાળા થી લઈ સે-૭ :૮ બસ સ્ટેન્ડ નજીક સ્થિત રહેણાંકમાં છેલ્લા ૧૫ દિવસથી પાણી ફોર્સથી ન આવતા ગૃહીણીઓમાં રોષ પ્રવર્તયો છે. પાણી ફોર્સથી ન આવતા સ્થાનિક રહીશોમાં ઉઠતી પાણીની પોકાર વચ્ચે રોજબરોજ રહીશોએ હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. આ મામલે રહીશો દ્વારા તંત્રને પણ જાણ કરવામાં આવી છે. પરંતુ યોગ્ય પગલા ન લેવાતા પાણીની સમસ્યા જટીલ બની છે. સેકટરમાં ફોર્સથી પાણી સપ્લાય થાય તે માટે ત્વરિત પગલા લેવા માટે પ્રબળ માંગ કરવામાં આવી છે.

# સે. ૧૩માં છેલ્લા ૨૫ દિવસથી ઉભરાતી ગટરની સમસ્યાનો અંત

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગરના અનેક સેક્ટરમાં ગટરો ઉભરાવાની



સમસ્યા વારંવાર ઉદ્‌ભવતી રહી છે. તાજેતરમાં સેક્ટર-૧૩ ખાતે છેલ્લા ૨૫ દિસથી ગટરો ઉભરાવાની સમસ્યાને કારણે વસાહતીઓ ત્રાહિમામ પોકારી ગયા હતા. સે. ૧૩ના પારિજાત એપાર્ટમેન્ટ ખાતે સર્જાયેલી આ સમસ્યાના નિરાકરણ માટે સ્થાનિક કોર્પોરેટર રમીલાબેન પ્રદિપસિંહ વાઘેલાની સક્રિયતા જોવા મળી હતી.

સેક્ટર-૧૩માં પારિજાત એપાર્ટમેન્ટ ખાતે છેલ્લા ૨૫ દિવસથી ગટરો ઉભરાઈ રહી હતી જે માટે રહીશો દ્વારા અનેકવાર તંત્રને રજૂઆતો કરાઈ હતી. પરંતુ સમસ્યાનું નિરાકરણ આવતુ નહોતુ.

અંતે આ સમસ્યા અંગે સ્થાનિક કોર્પોરેટર રમીલાબેન વાઘેલાને રજૂઆત કરાતા તેમણે અસરકારક રજૂઆત સાથે કામગીરી હાથ ધરાવી હતી. આ કામગીરીમાં ચાર ફાઈટર્સ મશીન સાથે આશરે પંદરેક સફાઈ કર્મીઓનો સ્ટાફ કામે લગાડાયો હતો. આ કર્મચારીઓએ ૨૦ ફૂટ ઊંડી ગટરોમાં ઉતરીને ચોકઅપ થયેલી લાઈનોની સફાઈ હાથ ધરી હતી. આ અસરકારક કામગીરીના પગલે સમસ્યાનો અંત આવતા સ્થાનિક રહીશોએ કોર્પોરેટરનો આભાર વ્યક્ત કર્યો હતો.

### જાહેર સૂચના

આથી જાહેર ખબર આપવામાં આવે છે કે, મોજેઃ કોબા, તા.જી.ગાંધીનગર ખાતે ગ્રામપંચાયત ઢોરડબામાં ગાયો-૦૩ અને વાછરડાં-૦૪ મળી કૂલ -૦૭ રખડતા ઢોર પુરવામાં આવેલ છે. જે અંગે ગાયો-વાછરડા છોડાવવા અંગે પશુમાલિકોને ગાંધીનગર સમાચારમાં જાહેર ખબર તા.૨૨/૦૮/૨૦૧૭ ના રોજ આપવામાં આવેલી હતી. તેમ છતાં આજદીન સુધી કોઈ પશુમાલિકોએ ગાયો અને વાછરડાં છોડાવવામાં આવેલ નથી. તો ગાયો-૦૩ અને વાછરડાં-૦૪ની જાહેર હરાજીથી ગ્રામપંચાયત કોબા મારફતે હરાજીથી વેચાણ કરવાનું નક્કી કરવામાં આવેલ છે. તો સૌ ગ્રામજનો અને રસ ધરાવતી વ્યક્તિઓએ તા.૦૧/૦૯/૨૦૧૭ના રોજ સવારના ૧૧.૩૦ કલાકે ગ્રામપંચાયત કચેરી ખાતે હાજર રહેવા જણાવવામાં આવે છે. હરાજીની શરતો હરાજીના દિવસે જણાવવામાં આવશે.

સહી/-
સરપંચ
કોબા ગ્રામ પંચાયત, તા.જી. ગાંધીનગર

### જાહેર નિવિદા

**જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, અરવલ્લી-મોડાસા**
**બસ સ્ટેન્ડરની પાછળ, મોડાસા, જિ. અરવલ્લી**

**સ્ટેશનરીના વાર્ષિક ભાવો પૂરા પાડવા બાબત.**

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, અરવલ્લી-મોડાસા દ્વારા જરૂરિયાતની સ્ટેશનરી ઈત્યાદી આઈટમોની ખરીદીના હેતુ માટે વાર્ષિક ધોરણે ભાવ મેળવવા ઈચ્છે છે. જરૂરિયાત મુજબની સ્ટેશનરી આઈટમોનો જરૂરી જથ્થો અત્રે યથા પ્રસંગે વિભાગ સુધી પહોંચાડવા રસ ધરાવતી પ્રતિષ્ઠિત સંસ્થા / વિક્રેતાઓ પાસેથી તેમના ભાવપત્રક સીલબંધ કવરમાં આર.પી.એ.ડી.થી મંગાવવામાં આવે છે.

સ્ટેશનરી આઈટમોની વિગત તેમજ શરતો અંગેનું ટેન્ડર ફોર્મ તા. ૧૪/૯/૨૦૧૭ સુધીમાં કચેરીના ચાલુ કામકાજના દિવસોમાં સવારે ૧૧.૦૦ થી સાંજે ૧૭.૦૦ કલાક વચ્ચે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, અરવલ્લી-મોડા કચેરી ખાતેથી અરજી સાથે નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, અરવલ્લી - મોડાસાના નામનો રૂપિયા ૧૫૦૦/-નો ડિમાન્ડ ડ્રાફ્ટ સાથે (પરત નહીં ચૂકવવાપાત્ર) ટેન્ડર ફીની ચુકવણી કર્યેથી રૂબરૂ મેળવી શકાશે. કોઈપણ ટેન્ડર કે તમામ ટેન્ડરો કોઈપણ કારણો દર્શાવ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર આ કચેરીને રહેશે અને ટેન્ડર ભરનારને કચેરીના વખતોવખતના હુકમો બંધનકર્તા રહેશે. ભાવપત્રકના ભરેલ ફોર્મ અત્રે તા. ૧૮/૯/૨૦૧૭ના રોજ ૧૬.૦૦ કલાક સુધીમાં મળી જાય તેમ મોકલવાના રહેશે.

સ્થળ : મોડાસા
તારીખ : ૨૯/૮/૨૦૧૭

સહી/-
(આર.કે. પટેલ, GAS)
નિયામક
જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી,
અરવલ્લી-મોડાસા

ક્રમાંક/ના.મા.નિ./હિંમત/૩૨૩/૨૦૧૭-૧૮

### ટેન્ડર નોટીસ

**સચિવાલય તાલીમ કેન્દ્ર (સ્પીપા)**
**બ્લોક નં. ૧૬/૧, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર**

સચિવાલય તાલીમ કેન્દ્ર (સ્પીપા) ગાંધીનગર દ્વારા આયોજિત જુદા-જુદા તાલીમ વર્ગોમાં આવતા તાલીમાર્થીઓને ચા-કોફીની સુવિધા આ તાલીમ કેન્દ્ર દ્વારા પુરી પાડવામાં આવે છે. નાણાંકીય વર્ષ-૨૦૧૭-૧૮માં (તા.૧/૧૦/૨૦૧૭ થી ૩૦/૯/૨૦૧૮) માટે ચા-કોફીની સુવિધા પુરી પાડવાનો કોન્ટ્રાક્ટ આપવાનો હોવાથી આ ક્ષેત્રમાં ઓછામાં ઓછો પાંચ વર્ષનો અનુભવ ધરાવતા ઈજારદારો પાસેથી ગુણવત્તાયુક્ત ચા-કોફી (100 ml.) અત્રે સંસ્થા ખાતે આવી પુરા પાડવા માટેના ભાવપત્રકો સીલબંધ કવરમાં મંગાવવામાં આવે છે. રસ ધરાવતા ઈજરાદરે તેઓના ભાવપત્રક કચેરીના કામકાજના દિવસો દરમિયાન તા. ૧૬/૯/૨૦૧૭ સુધીમાં સવારે ૧૦.૩૦ થી બપોરના ૨.૦૦ કલાક દરમિયાન સીલબંધ કવરમાં ઉપરોક્ત સરનામે રૂબરૂ અથવા રજીસ્ટર્ડ એ.ડી.થી પહોંચાડવાના રહેશે. ચા-કોફી આ તાલીમ કેન્દ્ર ખાતે લાવીને પુરુ પાડવાનું રહેશે.

સદરહુ ભાવપત્રકો તા. ૧૮/૯/૨૦૧૭ના રોજ સવારે ૧૨.૦૦ કલાકે ભાવ ભરનાર પાર્ટીઓની રૂબરૂમાં ખોલવામાં આવશે. આ દરમિયાન ગેરહાજર રહેનાર પાર્ટીઓના ભાવપક્ષકો ખોલવામાં આવશે નહીં અને તેઓના ભાવપત્રકો આપોઆપ રદ થયેલા ગણાશે. (સરકારી નિયમો મુજબના તમામ રજીસ્ટ્રેશન / લાયસન્સ ધરાવતા હોવા જરૂરી છે.) જેની અસલ નકલ ભાવપત્રક ખોલવા સમયે સાથે રાખવાના રહેશે.

સ્થળ : સચિવાલય તાલીમ કેન્દ્ર, ગાંધીનગર
તારીખ : ૩૦/૮/૨૦૧૭
માહિતી/૧૪૮૧/૧૭-૧૮

સહી/-
(શક્તિ શામળ)
નાયબ સચિવ